## કુદરતી આપત્તિ વ્યવસ્થાપન

- **પ્રસ્તાવના:**

  ડીઝાસ્ટર શબ્દનો અર્થ આપત્તિ એમ થાય છે, જે કોઇ પણ પ્રકારની પ્રાકૃતિક, માનવસર્જિત, પ્રત્યક્ષ, કે પરોક્ષ નુકસાનને પ્રદર્શિત કરે છે. જ્યારે જ્યારે પ્રાકૃતિક અસંતુલન સર્જાય છે, ત્યારે ત્યારે પ્રકૃતિ તેને સંતુલિત કરવા માટે પોતાનું સ્વરૂપ બદલે છે જે માનવજાત તથા બીજા પ્રાણીઓ માટે અતુલ્ય ગંભીર નુકસાન છે. પર્યાવરણનું નુકસાન, પૂર આવવું, જવાળામુખી, ભુકંપ, ડેમ ફાટવા, વાદળ ફાટવા, રાસાયણિક દુર્ઘટના વગેરે. સ્મિથ અનુસાર વાતાવરણ ખુબ જ ખુશમિજાજ હોય છે, જ્યારે પ્રકૃતિ મિત્ર હોય છે. એ જ પ્રકૃતિ જ્યારે ભંયકર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે અભિશાપ બને છે.

- **વ્યાખ્યા:**

  ડિઝાસ્ટર શબ્દ ફ્રેંચ ભાષાનો શબ્દ છે. જૂની ઇટાલિયન ભાષા અનુસાર તે disastro શબ્દ છે. Dis-bad+asterstar. તેનો અર્થ થાય છે કે ખરાબ તારાને કારણે થતી દુર્ઘટના.

  1) જીવનનું નુકસાન
  2) બહારથી મદદની જરૂર વિશાળ પાયે થાય
  3) સ્થાનિક ક્ષમતાનો નાશ થાય

**ડિઝાસ્ટર** એ એક બૃહદ ક્ષેત્ર છે અને તેના ઘણા પ્રકાર છે. તેમનું વર્ગીકરણ તેમના ઉદભવ અને પ્રમાણ અનુસાર થાય જે નીચે મુજબ છે.

→ **Water and Climate (જળ અને આબોહવા)**

1) Flood (પૂર)
2) Cyclones (ચક્રવાત)
3) Tornadoes and hurricanes (ચક્રવાતનાં પ્રકાર)
4) Cloud Burst (વાદળ ફાટવા)
5) Heat wave and Cold wave (ગરમ પવનો અને ઠંડા પવનો)
6) Snow fall (બરફવર્ષા)
7) Droughts (દુષ્કાળ)
8) Sea erosion (દરિયાઇ ઘસારણ)
9) Thunder Lightening (વીજળી દુર્ઘટના)

→ **Geological** (ભૌગોલિક) :

1) Landslides and mudflows (જમીન ખસવાની ઘટના અને કીચડ વહન)
2) Earthquakes (ભૂકંપ)
3) Large Fires (દાવાનળ)
4) Dam Failure (ડેમ ફાટવાની ઘટના)
5) Mine Fires (ખાણોમાં આગ લાગવાની ઘટના)

→ **Biological** (જૈવિક દુર્ઘટના)

1) Epidemics (રોગચાળો)
2) Pest Attacks (જંતુ)
3) Cattle Epidemics (પશુઓનો રોગચાળો)
4) Food Poisoning (ખોરાકની ઝેરી અસર)

→ **Chemical, industrial & Nuclear**
1) Chemical pollutant (રાસાયણિક પ્રદૂષકો)
2) Nuclear pollutant (પરમાણિવક કચરો)

→ **Accidental:**
1) Forest Fires (જંગલમાં આગ લાગવી)
2) Urban Fires (શહેરી આગ)
3) Mine Flooding ( ખાણમાં પૂર આવવુ)
4) Oil spill (તેલ ઢોળાવું)
5) Major building collapse (ઇમારતો પાડવી)
6) Festival Related Disasters (તહેવારોની દુર્ઘટના)
7) Serial bomb blast (બોમ્બ વિસ્ફોટ)
8) Electrical Disasters & fires (વિદ્યુત દુર્ઘટના અને આગ)
9) Air disasters (હવાઇ દુર્ઘટના)
10) Road disasters (માર્ગ દુર્ઘટના)
11) Rail disasters (રેલ દુર્ઘટના)
12) Boat Capsizing (જહાજ દુર્ઘટના)
13) Village Fire (ગામડાઓની આગ)

→ દિવસે દિવસે માનવ સર્જીત દુર્ઘટનામાં વધારો થઇ રહ્યો છે. પહેલાની ડિઝાસ્ટર પોલીસીઓ હાલના વર્તમાન પરિપેક્ષ્યમાં લાગુ પાડી શકાય નહિ કારણ કે હાલના વર્ષોમાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં કાબુ બહાર વધારો થવાથી તથા વસ્તી વિસ્ફોટ જેવી ઘટનાઓ થવાથી આ પરિસ્થિતિ નિર્માણ પામી છે. સંતુલિત ક્ષેત્રિય વિકાસનો લક્ષ્ય પણ વિવિધ કારણોથી હાંસિલ કરી શકાતો નથી. કેટલાક રાજ્યો જેવાં કે બિહાર, ઓડીસા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન વગેરે પછાત છે. તથા ગરીબી ધરાવતા રાજ્યો છે. અહીંના લોકોને પોતાના દૈનિક જીવન માટે કુદરતી સંસાધનોનો આધાર રાખવો પડે છે. માટે કુદરતી સંસાધનોનુ દોહન થાય છે. ગરીબી પણ ડિઝાસ્ટર માટેનું એક કારણ છે કારણ કે જંગલોનું દોહન થાય છે, જેનાથી દુષ્કાળનો ખતરો રહે છે. **ઇંડિયા ડિઝાસ્ટર રિપોર્ટ – 2005 અનુસાર ભારતની 40% વસ્તી સંશાધનોના દોહન સાથે સંકળાયેલી છે** તથા તે તેના પર આધારિત છે. તે લોકો જીવન નિર્વાહ માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જીવન ગાળે છે જેના કારણે તેઓ સંસાધનોનો અયોગ્ય વિનાશ સર્જે છે. દા.ત. **ગારો, ખાંસી અને જેંતીયાની પહાડીમાં વસતા આદિવાસીઓ “Zoom Agriculture” એટલે કે સ્થાનાંતરિત કૃષિ કરે છે.** જેનાથી પહાડો પરની જમીનોનું ધોવાણ થાય છે. અને જેનાથી LAND SLIDING એટલે કે ભૂ–સ્ખલન જેવી ઘટનાઓ થાય છે.

## DISASTER MANGEMENT નો ઇતિહાસ

કુદરતી આફતો માનવ ઇતિહાસનું એક અભિન્ન અંગ છે. માનવ સભ્યતાના ઇતિહાસની તારીખો તપાસીએ તો સિંધુ સભ્યતા, બેબીલોનીયન સભ્યતા વગેરેના ઉદય અને અસ્ત સાથે કુદરતી ઘટનાઓ જોડાયેલી છે. તાજેતરમાં વૈશ્વિકીકરણ, ઔદ્યોગીકરણ, શહેરીકરણ તથા માનવ સમુહોનુ મોટા પાયે સ્થળાંતર તથા આબોહવા પરિવર્તન વગેરેને કારણે દુર્ઘટનાઓની શક્તિ વધી છે અને મેનેજમેન્ટ મુશ્કેલ બન્યું છે.

- **ડિઝાસ્ટર મેનેજમેન્ટના તત્વો :** Risk Reduction (**ખતરામાં ઘટાડો કરવો**):– કાયદાકિય અને સંસ્થાકિય બાબતોને ધ્યાનમાં રાખીને ખતરાવાળી બાબતોનો ઘટાડો કરવો. નુકસાન તથા મહત્વની જાનહાની માટેનું વર્ગીકરણ કરવું. Quick Response (ત્વરિત પ્રત્યાઘાત):– અત્યાધુનિક ટેક્નોલોજી વાપરીને વધુમાં વધુ જીવનને બચાવવાનો પ્રયત્ન કરવો. ત્વરિત બચાવ અને રાહતની કામગીરી કરવી.

→ **Recovery (સુધારો) :–** આયોજનબદ્ધ સુધારો લાવવો જેમ કે પ્રાથમિકતા શું છે? તેની જાણકારી રાખવી.
પુનઃસ્થાપનામાં તકેદારી રાખવી, વધુને વધુ સારુ વાતાવરણ અને વર્તન સાથે પુનઃ સ્થાપના કરવી.
વધુ હાઈજેનીક(જંતુમુક્ત) જીવન ધોરણ તથા તેમની સામાજીક, શારિરીક, આર્થીક બાબતોને ધ્યાનમાં રાખી તેમની સન્માન, સુરક્ષા સાથે પુનઃસ્થાપના કરવી.
શારિરીક શોષણ તથા બાળવેપાર ના થાય તેની તકેદારી રાખવી.

→ **Disaster Response:**

- ડિઝાસ્ટરને નિયંત્રણ કરવા તથા તેના પછીના કાર્યોના સંકલન કરવા માટે દરેક પાયાની બાબતોની તથા દરેક એકમોની ગોઠવણી જરૂરી છે. જેમ કે સરકાર, નાગરીકો, સમાજ તથા આંતરરાષ્ટ્રીય દાતાઓ વગેરે.... કમનસીબે સ્થાનીક સરકાર એ પાયાની જરૂરીયાતો પહોંચાડવામાં સમયસર પહોંચી વળતી નથી તે સિવાય ડિઝાસ્ટર પછીની બાબતોમાં પણ સંકલન કરવાનો અભાવ છે. કેમ કે,
  **(1) ત્વરીત બચાવની કમગીરી**
  **(2) લોકોને પ્રાથમિક સ્વાસ્થ્ય સવલતો**
  **(3) જાનમાલના નુકસાનનું આંકલન**
  **(4) ખોરાક, આશ્રયની સુવિધાઓ**
  **(5) આર્થિક અને સામાજિક સુરક્ષા, શોષણથી બચાવ**
- નાગરીકોની વાત કરીએ તો જાણકારી વગર લોકો કારણ વગરનો ઘસારો કરીને પણ આપત્તિ વ્યવસ્થાપનની કામગીરીમાં હાનિ પહોંચાડે છે.
- દા.ત. મરાઠાવાડા, ભૂકંપ વખતે બિન સરકારી સંગઠનો કે જે વ્યવસ્થિત તાલીમ પામેલા ના હતા તેઓ ખોટું ટોળુ બનાવતા, બિનજરૂરી બાબતોથી વધારે પ્રક્રીયાને ગુંચવણ ભરી બનાવતા.
- તાકીદે જરૂર પડતી સહાયો જેમ કે આશ્રય, પાણી, ખોરાક, લોકોની સુરક્ષાની કાળજી રાખવી જોઈએ અને તબીબી સહાય તથા સહાયતા વખતે સુરક્ષિત અને અસુરક્ષિત સ્થળોની જાણકારી રાખવી જોઈએ.

## ✚ કેટલીક ઘટનાઓની જાણકારી:

(1) **ભૂકંપ :**
→ પૃથ્વીના પેટાળમાં થતા ભૂસંચલનને કારણે તથા ઘણીવાર માનવસર્જીત ઘટનાઓના અંતર્ગત જે તરંગો નીકળે છે. તેમાં નીકળતા તરંગો સૌથી વિનાશક હોય છે.

**(2) સુનામી :**
→ ભૂકંપના તરંગો ત્રણ પ્રકારનાં હોય છે તેમાં P તરંગો(primary તરંગો), S તરંગો(secondary તરંગો) અને L તરંગો(Long-term તરંગો) વગેરે જેમાં L તરંગો સૌથી વિનાશક હોય છે. આ તરંગો પાણીમાં પ્રવેશતા સમુદ્રના મોટા મોજા ઉત્પન્ન કરે છે જેને સુનામી કહેવાય છે.

**(3) ચક્રવાત :**
→ ચક્રવાત એટલે ગરમ હવા અને ઠંડી હવા ભેગી થવાથી હળવુ અને ભારે દબાણ સર્જાય તો ચક્રવાત અને કેન્દ્રમાં ભારે દબાણ સર્જાય તો પ્રતિક્રવાત સર્જાય છે.

**(4) પૂર :**
→ અનિયંત્રિત વરસાદ તથા ડેમ ફાટવાની ઘટના થવાથી પૂર આવે છે જે ઘણી બધી જાનહાની સર્જે છે.

**(5) ભેખડો ધસી પડવાની ઘટના :**
→ પર્વતીય વિસ્તારમાં જંગલોનુ ધોવાણ થવાથી ભેખડો ધસી પડવાની ઘટના બને છે.

**(6) વાદળ ફાટવાઃ**
→ પર્વતીય વિસ્તારમાં વાદળા સંગઠિત થાય પરંતુ ઉપર ન જઈ શકતા તે અતિશય દબાણ અનુભવી ફાટે છે

જેનાથી ઘણી વખત તારાજી સર્જાય છે. દા.ત. કેદારનાથ, ઉતરાખંડ દુર્ઘટના.

**(7) બરફ વર્ષા:**

→ બરફ વર્ષા જ્યારે ભારે સ્વરૂપ ધારણ કરે ત્યારે તે ત્યાનાં પર્વતીય વિસ્તારના લોકો માટે હાનિકારક છે. જે સ્વાસ્થય તથા પર્યાવરણની હાનિ કરે છે.

**સારાંશ:**

→ પ્રાકૃતિક આપદાઓનું પ્રમાણ વધવાનું કારણ એ માનવીય વૃતિઓનુ, ઈચ્છાઓનું વધવુ હોઈ શકે છે. તેના કારણે માનવે તથા પ્રકૃતિએ બન્નેએ ભોગવવાનું આવ્યુ છે. આ આપદાઓ જે છે તેનું મુળ કારણ માનવીની અનિયંત્રિત પ્રવૃતિઓ હોય તો પ્રાણીઓ અને પક્ષીઓએ શુ કામ ભોગવવુ પડે? માટે જો આપણે પોતાની સાથે બીજા તત્વોના વિકાસને તથા સંવર્ધનને જાળવીને નહિં ચાલીએ તો ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડશે. કારણ કે કોઈ પણ પ્રકારની આપત્તિનું મેનેજમેન્ટ કરવા કરતા આપત્તિને રોકવુ જરૂરી છે કારણ કે કોઈ પણ પ્રકારનું મેનેજમેન્ટ પ્રકૃતિની બહાર થવાનું નથી.

## ગુજરાતમાં રાજ્ય કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપન:

- ગુજરાત સરકાર પાસે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સતામંડળ દ્વારા સંકલિત ઘનિષ્ઠ વહીવટી અને પ્રતિકાર પદ્ધતિનુ માળખું ઉપલબ્ધ છે. આપત્તિની ઘટના સમયે લોકોનું સ્થળાંતર, બચાવ અને પુનઃસ્થાપન માટેની મૂળભુત પાયાની જવાબદારી રાજ્ય સરકારની છે. અને તે જવાબદારી રાજ્યના રાહત કમિશ્નરશ્રી તથા સંબંધિત જિલ્લાના જિલ્લા કલેક્ટરો વહન કરે છે.
- આપત્તિ વ્યવસ્થાપનમાં સંકલાયેલી જુદી–જુદી સંસ્થાઓ:
  પોલીસ, પેરામિલિટરી દળો, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક, અગ્નિશમન સેવાઓ, માજી સૈનિકો, બિનસરકારી સંસ્થાઓ, જહેર અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ વગેરે.
- ગુજરાત સરકારે આપત્તિ વ્યવસ્થાપન માટે GSDMAની રાજ્યકક્ષાની નોડલ એજન્સી તરીકે વર્ષ 2001 થી સ્થાપના કરી છે. તે આપત્તિ માટેની ઉપશમન તથા પુનઃસ્થાપનની કામગીરીનું સંચલન કરે છે.
  અગ્રસચિવ અને રાહત કમિશનર(મહેસુલ વિભાગ) તથા રાહત નિયામકશ્રી તથા રા.કમિશનરશ્રીના અદ્યક્ષપદની પેટા સમિતિ આપત્તિ વ્યવસ્થાપન પ્રવૃતીઓનું સંચાલન કરે છે. જિલ્લા કલેક્ટરના નેતૃત્વ પદે રાહત કામગીરીનું સંકલન તથા તાલુકા કક્ષાએ રાહત સમિતિઓ રચવામાં આવે છે. આ સમિતિ દર વર્ષે એપ્રિલ અને સપ્ટેમ્બરમાં મળે છે.
- તાલુકા કક્ષાએ મામલતદાર, સરકારી વિભાગો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પંચાયતીરાજ સંસ્થાઓ સાથે સંકલનમાં રહીને આ કામગીરી હાથ ધરવામાં માટે જવાબદાર છે. રાહત વિતરણમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને તેમના અધિકારીઓ અગત્યનો ભાગ ભજવે છે.
- મહેસૂલ વિભાગ હેઠળ કામ કરતું સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેંટર બ્લોક નં.2 ના ભોંયતળીયે આવેલું છે.
- **ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ,2002ના પ્રકરણ 8 અન્વયે રાજ્ય રાહત કમિશ્નરશ્રીની સત્તા અને કાર્યો:**

  →કલમ 21(1) અસરગ્રસ્ત વિસ્તારના કલેક્ટર અને સ્થાનિક સત્તામંડળને આદેશો આપી શકે. (2)(અ) સમુદાયને સહાય કરવાના અને સંરક્ષણ સમુદાયને રાહત પુરી પાડવાના, અવ્યવસ્થાને અટકાવવા અથવાં તેને પહોંચી વળવાના (ઘ) આપત્તિની અસરોની તજવીજ

  → વાહનો નિયંત્રિત/ પ્રતિબંધિત કરી શકે.

  → કાટમાળ દૂર કરી શકે. શોધખોળ અને બચાવ કામગીરી હાથ ધરી શકે.

  → બિનવારસી મૃતદેહોના નિકાલ માટે ગોઠવણ.

  → ખોરાક, દવાઓ અને બીજી વસ્તુઓ પુરી પાડી શકે.

→ આપત્તિ સાથે સંકળાયેલા ક્ષેત્રોના તજજ્ઞો અને સલાહકારોને તેમની દોરવણી અને દેખરેખ હેઠળ રાહત કાર્ય કરવા ફરમાવી શકે.

→ જરૂર પડે તેમ અને ત્યારે સુવિધાઓનો ખાસ અથવા અગ્રતાક્રમ મુજબનો ઉપયોગ કરી શકાશે.

→ ઠરાવવામાં આવેલ બોલીઓ અને શરતોએ કોઈ મિલકત, વાહન, સાધનો, મકાનો અને સંદેશાવ્યવહાર ના સાધનોનો કબજો લઈ શકાશે અને તેનો ઉપયોગ કરી શકાશે.

→ જાહેર જનતાને જોખમમાં મુકે તેવા અસલામત માળખાં તોડી પાડી શકાશે.

→ બિનસરકારી સંગઠનો તેમની પ્રવૃતિઓ વાજબી રીતે ચલાવે તે સુનિશ્ચિત કરી શકાશે.

→ કમિશનર, સમાન્ય રીતે રાહત પૂરી પાડવા માટે અને ખાસ કરીને પેટા કલમ(1) થી (3) હેઠળ તેના દ્વારા લેવાયેલ પગલા અંગે સતા મંડળને માહિતગાર કરશે.

**કલમ 22(1) કમિશનરે–**

→ પૂર્વ ચેતવણી અને તૈયારીની સ્થિતિ જેવા આપત્તિ વ્યવસ્થાપનનાં જુદા જુદા પાસાંને લગતી માહિતી પુરી પાડવી જોઈએ.

→ દરેક જિલ્લાના આગવા સંજોગો અને સંસ્થાકીય ક્ષમતાની અછત અને રાજ્યનાં સંસાધનને ધ્યાનમાં લઈને, સતામંડળ સાથે વિચાર વિનિમય કરીને યોગ્ય રાહત અમલીકરણ વ્યુહરચના વિકસાવી જોઈએ.

→ રાજ્ય સ્તરીય સંકટકાલીન યોજનાઓ અને માર્ગદર્શિકાઓ તૈયાર કરવી જોઈશે, તેની સમિક્ષા કરવી જોઈશે અને તેને અદ્યાવત કરવી જોઈએ.

→ આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓને લગતી આકસ્મિક યોજનાઓનું વખતો વખત ફેર મુલ્યાંકન કરવું જોઈશે.

→ સમયાંતરે આપત્તિ વ્યવસ્થાપન કવાયતો કરાય છે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

→ સંદેશાવ્યવહાર તંત્ર કાર્યરત છે તે અને આકસ્મિક યોજનાઓમાં સ્થાનિક એજન્સીઓ પૂરતા પ્રમાણમાં સંકળાયેલ છે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

→ સતામંડળ સોંપે તેવી સતા વાપરવી જોઈએ અને તેવા કાર્યો બજાવવા જોઈશે.

→ વિનિયમોથી નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી સતા વાપરવી જોઈશે. અને તેવા કાર્યો બજાવવા જોઈશે.

## ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન નીતિ, 2002

- **હેતુ :** ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન નીતિનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યમાં આપત્તિનાં જોખમો ઘટાડવા માટેની જરૂરી પદ્ધતિઓ, માળખા, કર્યક્રમો, સ્ત્રોતો, ક્ષમતાઓ અને માર્ગદર્શક સિદ્ધાંતો ઘડવા, જાનમાલને બચાવવા આપત્તિઓનો ભય તથા તેના સામના માટે તૈયારી કરવી, આર્થિક પ્રગતિમાં પડતો વિક્ષેપ દૂર કરવો, પર્યાવરણને થતી હાનિ નિવારવી તથા અવિરત વિકાસની સાતત્યતા જળવવી તે છે.
- **મુખ્ય બાબતો :**

→ ગુજરાત સરકારે આપત્તિના બનાવને નક્કી કરવાનો અને આપત્તિ માટેનું જાહેરનામું બહાર પાડીને આપત્તિગ્રસ્ત સ્થળની હદને નક્કી કરવાનો વિશેષાધિકાર રહેશે. આ જાહેરનામું રાજ્યના રાહત કમિશનર, જિલ્લા કલેક્ટરની ભલામણના આધારે કરી શકાશે.

→ ગુજરાત સરાકાર આપત્તિ વ્યવસ્થાપનને લાંબા ગાળાની પ્રક્રિયા તરીકે માને છે કે જે રાજ્યમાં આપત્તિ વ્યવસ્થાપનની રચના તથા આપત્તિશમન ક્ષમતા ઉપરાંત રાહત અને પુનઃસ્થાપન પૂરા પાડવા માટે તૈયાર કરાયેલી પ્રકિયાઓ તથા પદ્ધતિઓ તથા પદ્ધતિઓના વિકાસને પણ આવરી લે છે.

→ રાજ્યમાં આપત્તિ વ્યવસ્થાપન માટેના સર્વગ્રાહી માળખામાં નોડેલ એજન્સી તરીકે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની સ્થાપના એક ખુબ જ અગત્યની બાબત છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, આપત્તિશમન અને તૈયારી માટેની કામગીરીને સરળ બનાવશે. તેનું સંચાલન કરશે અને દેખરેખ પણ રાખશે. તે તાત્કાલિક શક્તિનાં પગલાંઓ, રાહત, પુનઃનિર્માણ અને પુનઃસ્થાપનાનું સંકલન અને નિરીક્ષણ પણ કરશે. સૂચિત ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2002 મુજબ આ સત્તામંડળને તેની કામગીરી

માટેની કાનુની સત્તાઓ પણ આપવામા આવશે.

→ મહેસુલ વિભાગ, સંબંધિત સરકારી વિભાગો સહિત રાજ્યના રાહત કમિશનર અને જિલ્લા કલેક્ટર કચેરીઓ દ્વારા આપત્તિ પછીના તાત્કાલિક રાહતના પગલાઓ તથા રાહતના અમલીકરણ માટે જવાબદાર રહેશે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ જ્યાં જરૂર જણાય ત્યાં મહેસૂલ વિભાગ અને અન્ય સંબંધિત વિભાગો દ્વારા આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત પ્રવૃતિઓનું સંકલન પણ કરશે.

→ આપત્તિઓના કારણે સર્જાતિ કટોકટીની પરિસ્થિતિ માટે કામગીરી કરવા રાજ્યના રાહત કમિશનર અને જિલ્લા કલેક્ટરોને ખાસ સત્તાઓ અપાશે. જ્યારે જિલ્લામાં કેટલાક નગરો અને શહેરોને આવરી લેતાં વિસ્તારોમાં આપત્તિ આવે ત્યારે સરકારી કર્મચારીઓની સેવાઓ આ કટોકટીના સમયગાળા માટે સંબંધિત જિલ્લા કલેક્ટરો હસ્તક મુકવામાં આવશે. આ કટોકટીની પરિસ્થિતિમાં સ્ત્રોતોને સક્રિય કરવાની કાર્યવાહીને સરકારના વિભાગો સરળ બનાવશે.

→ સર્વગ્રાહી આયોજન પ્રક્રિયાના આંતરિક ભાગ તરીકે આપત્તિ વ્યવસ્થાપન સિદ્ધાંતોને વિકાસ આયોજનમાં સંયોજિત કરાશે.

### ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપત્તિ વ્યવસ્થાપન)ના મુખ્ય તબક્કાઓ

→ **તેને મુખ્યત્વે ત્રણ તબક્કામાં વહેંચી શકાય:**

1) પૂર્વ તૈયારી અને જોખમ વ્યવસ્થાપન
2) તાત્કાલિક પ્રતિક્રિયા
3) પૂનર્વસન

→ **આપત્તિ પહેલાની તૈયારી**

→આ એવો સમય છે, જ્યારે સંભવિત કુદરતી આપત્તિનાં જોખમ અને તેનાં ઘટવાનું અનુમાન લગાવી શકાય છે. અને અગમચેતીનાં પગલાં ભરી, પૂર્વતૈયારી કરી લેવામાં આવે છે.

→ આપત્તિના સમય દરમિયાન તેનો સામનો અત્યંત ત્વરીત રીતે કરવો જોઇએ. આમ કરીને વધું પડતું નુકસાન ઘટાડી શકાય છે. પ્રભાવિત લોકો માટે ભોજન, કપડાં, આશરો, દવાઓ તથા અન્ય પ્રાથમિક જરૂરિયાતો પુરી થઇ શકે તેવાં પગલાં એટલે બીજો તબક્કો.

→ **આપત્તિ બાદનો તબક્કો :** આ એવો તબક્કો છે, જ્યાં આપત્તિ પસાર થઇ ગયા બાદ પુર્વવત સ્થિતિમાં આવવાનાં માટેનાં પગલાં લેવાના હોય છે. સાથે જ ભવિષ્યનાં જોખમ અને સંભવિત નુકસાન થી બચવા માટે અગમચેતી નુકસાનથી બચવાની સંભાવના કરી લેવાની હોય છે. આ કામ મુખ્યત્વે બે તબક્કામાં થતું હોય છે.

1) પુર્નવસન
2) નવું બાંધકામ

### આપત્તિ વ્યવસ્થાપનમાં પુર્વ તૈયારીનાં પગલાં :-

1) રૂપરેખા તૈયાર કરવી.
2) વ્યવસ્થાપનની નીતિ તૈયાર કરવી
3) જોખમનો અંદાજ
4) જોખમ અંગે જાગૃતિ અને તેને ઘટાડવા માટે આગોતરું આયોજન

### આર્થિક રીતે આપત્તિમાં મદદ કરતા તંત્રો:

1) વીમો
2) માઈક્રો ડિઝાસ્ટર ઈન્સ્યોરન્સ.
3) નાણાકિય વ્યવહારુતા તથા રીઈન્સ્યોરન્સ

- આપત્તિ પ્રમાણે આગાહી કરતી નોડેલ એજન્સીઓ;
  1) **ચક્રવાત :** ઈન્ડિયન મેટિરિયોલોજીકલ ડિપાર્ટમેન્ટ.
  2) **સુનામી :** ઈન્ડિયન નેશનલ સેંટર ફોર ઓશનીક ઈન્ફરમેશન સર્વીસીસ
  3) **પૂર :** સેંટ્રલ વોટર કમિશન
  4) **ભૂ-સ્લખન :** જીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા
  5) **હિમપ્રપાત :** સ્નો એન્ડ એવલાન્શ સ્ટડી એસ્ટાબ્લીસમેન્ટ.
  6) **હીટ એન્ડ કોલ્ડવેવ :** ઈન્ડિયન મેટિરિયોલોજીકલ ડિપાર્ટમેન્ટ

- ભારત સરકારનુ ગૃહ મંત્રાલય કુદરતી આપત્તિઓ જેવી કે ભૂકંપ, પૂર, ચક્રવાત, સુનામી, ભૂ-સ્લખન વગેરે તથા માનવસર્જીત આપત્તિઓ જેવી કે આગ, રસાયણિક, જૈવિક, રેડીયોલોજીકલ અકસ્માતો અને આતંકવાદી હુમલા વગેરેનું વ્યવસ્થાપન કરતી સંસ્થાઓનું મધ્યવર્તી મંત્રાલય છે.

| આપત્તિઓ | વિભાગ |
|---|---|
| **દુષ્કાળ** | ખેતીવાડી વિભાગ |
| **વિમાન-અકસ્માત** | નાગરિક ઉડ્ડયન વિભાગ |
| **રેલવે-અકસ્માત** | રેલવિભાગ |
| **રાસાયણિક દુર્ઘટના** | પર્યાવરણ વિભાગ |
| **જૈવિક દુર્ઘટના** | સ્વાસ્થ્ય વિભાગ |
| **પરમાણું દુર્ઘટના** | ઍટમિક એનર્જી વિભાગ. |

આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને **ભારત સરકારે 2005માં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ**ની રચના કરી. અને **વર્ષ 2009 માં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પોલિસી** જાહેર કરવામાં આવી તે માટે નીચે મુજબની સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી.

1) **NDMA : નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી**
   સ્થાપના : 2005
   ચેરમેન : વડાપ્રધાન
2) **National Executive committee :- NEC.**
   ચેરમેન : ગૃહવિભાગનાં સચિવ
3) **State Disaster Management Authority : SDMA**
   રાજ્ય સ્તરે આપત્તિ વ્યવસ્થાપનને લગતી નીતિઓ અને યોજનાઓ બનાવવાનું મુખ્ય કામ કરે છે.
4) **District Disaster Management Authority : DDMA**
   NDMA અને SDMA નાં અનુસંધાને જિલ્લા સ્તરે નીતિ લાગું કરવાં.
5) **National Institute of Disaster Management**
   સ્થાપના : 1995
   આ સંસ્થાની મુખ્ય જવાબદારી આપત્તિ વ્યવસ્થાપનની યોજનાઓ બનાવવી તથા તાલીમ આપવી વગેરે છે. તે કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક તંત્રોને સાંકળીને કામ લે છે.

રાજ્ય સરકાર દ્વારા પાંચ પ્રાદેશિક ઇમરજન્સી રિસપોન્સ સેન્ટર ચાલુ કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ, સુરત, વડોદરા, ગાંધીનગર અને ગાંધીધામનો સમાવેશ થાય છે. આ કેન્દ્રો સ્થાનીક સંસ્થાઓ, રાહત,

કમિશનર અને GSDMA ના સહયોગથી ચાલે છે. ગુજરાતમાં આપત્તિ વ્યવસ્થાપન નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી તથા NDRF(National Disaster Response Force) નાં સહયોગથી ચાલે છે.

→ **ભારતમાં આવેલા સૌથી મોટા ભૂકંપો :**

| ***તારીખ*** | ***તીવ્રતા*** | ***સ્થળ*** |
|---|---|---|
| 1) 26/12/2004 | 9.1 | આંદામાન |
| 2) 15/08/1950 | 8.6 | આસામ |
| 3) 15/01/1934 | 8.1 | નેપાળ–બિહાર બોર્ડર |
| 4) 30/05/1935 | 7.8 | ક્વેટા–બલુચિસ્તાન |
| 5) 27/11/1945 | 8 | મેકરણ–કચ્છ–પા.કિ. |
| 6) 6) 26/06/1941 | 7.7 | આંદામાન |
| 7) 26/01/2001 | 7.1 | ભુજ–કચ્છ |
| 8) 08/10/2005 | 7.6 | કશ્મીર |
| 9) 29/01/1944 | 7.4 | માલદિવ |

→ **ભારતમાં આવેલ અત્યાર સુધીની સૌથી ખતરનાક આપત્તિઓ :**

| **નામ(આપત્તિ)** | **સાલ** | **વિસ્તાર** |
|---|---|---|
| 1) ભૂકંપ | 1905 | કાંગડા, હિમાચલપ્રદેશ |
| 2) વાવાઝોડું | 1977 | આંધ્રપ્રદેશ |
| 3) ભૂકંપ | 1993 | લાતૂર, મહારાષ્ટ્ર |
| 4) ચક્રવાત | 1999 | ઓડિસા |
| 5) ભૂકંપ | 2001 | ભુજ, ગુજરાત |
| 6) સુનામી | 2004 | દક્ષિણ ગુજરાત |
| 7) પૂર | 2005 | મહારાષ્ટ્ર |
| 8) ભૂકંપ | 2005 | કશ્મીર |
| 9) કોશીપૂર | 2008 | બિહાર |
| 10) નીશા વાવાઝોડું | 2008 | તમિલનાડું |

→ **ભારતમાં એક જાગૃત અને બે સુષુપ્ત જ્વાળામુખી આવેલા છે.** બેરન આઈલેન્ડ ખાતેનો જ્વાળામુખી છેલ્લે મે, 2005 માં ફૂટ્યો હતો. જ્યારે નારકોંડમ અને મડવોલ્કેનો છેલ્લે બારાતંગ આંદમાનમાં આવેલા સુષુપ્ત જ્વાળામુખીઓ છે.

→ ભારતનો **58.6% વિસ્તાર** ભૂકંપનું સંભવિત ક્ષેત્ર છે.

→ ભારતનો **23% રાજ્યો પૂરના** સંભવિત ક્ષેત્ર છે.

→ ભારતનો **68% વિસ્તાર અછત અને 33% વિસ્તાર કાયમી અછત**થી પિડાય છે.

→ ભારતના દરિયાકિનારા વિશ્વના **10% વાવાઝોડા સહન** કરે છે.

→ **ભારતમાં તાજેતરમાં ઘટેલી કેટલીક કુદરતી આપત્તિઓ :–**

→ ઉતરાખંડનુ પૂર, 2013

→ હિંદમહાસાગરની સુનામી – ડિસેમ્બર, 2004

→ ભોપાલ ગેસ –1984

→ ભારત, મ્યાનમાર અને બાંગ્લાદેશ સરહદે ભૂકંપ –૬.૭ રિ.સ્કેલ, ૧/૩/૨૦૧૬

- **ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ,2005** અંતર્ગત **2006 માં NDRF(National Disaster Response Force)**ની સ્થાપના થઇ. તેમા CRPF, BSF, CISF અને ITBP માંથી 10 બટાલીયનો આ ફોર્સમાં કામ કરે છે.
- **હોનારત બચાવની કામગીરીના સાધનો:**
  (૧) વાહન વ્યવહાર
  (૨) સંદેશા વ્યવહાર
  (૩) ફાયર ફાઇટર, ફાયર પ્રુફ ગારમેન્ટ વગેરે
  (૪) સેફ્ટી બોટ
  (૫) ક્રેન/સીડી
  (૬) બુલડોઝર
  (૭) દોરડા, ટોર્ચ, ટેંટ,જનરેટર્સ વગેરે
  (૮) હેલિકોપ્ટર્સ, મોબાઇલ હોસ્પિટલ વાન

### કેટલાક અન્ય તથ્યો:

- ૧૯૭૬માં ઈટાલીમાં જંતુનાશકના કારખાનામાં ધડાકો થયો હતો. તેને ધ્યાનમાં રાખીને આવા બનાવો અટકાવવા માટે યુરોપિયન માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી.
- રાજ્ય સરકારના નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા પ્રતિ વર્ષ ‘ફ્લડ મેમોરેંડમ નામનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં રાજ્યના તમામ બંધો,નદીઓ, જળાશયોની ક્ષમતા વગેરે માહિતી પ્રકાશિત કરવામાં આવે છે.
- **સફેદ** સિગ્નલનો અર્થ ‘ મધ્યમ કક્ષાની ચેતવણી એવો થાય’.
- **વાદળી** સિગ્નલ નો અર્થ ‘ warning for evacuation’ એટલે કે ખાલી કરવાની ચેતવણી એવો થાય.
- **લાલ** સિગ્નલનો અર્થ ‘ warning for immediate evacuation’તાત્કાલિક સ્થળાંતર એવો થાય.
- **અલગ અલગ આપત્તિ વેળાં કોનો સંપર્ક સાધી શકાય?**
  - ફાયર ઇમરજન્સી ફોન સેવા– **૧૦૧**
  - પોલિસ ઇમરજન્સી ફોન સેવા– **૧૦૦**
- **અલગ અલગ પ્રકારના પ્રકોપો:**

| પ્રકોપો | ઘટના |
| --- | --- |
| ભૂ–ભૌતિકીય | ભૂકંપ, ભૂસ્ખલન, જ્વાળામુખી પ્રસ્ફોટન |
| હવામાનલક્ષી | ચક્વાત, વંટોળ, આંધી |
| આબોહવાકીય | અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ, ઉષ્ણ લહેર, શીત લહેર, કરાવૃષ્ટિ, મેઘ–પ્રસ્ફોટ |
| જૈવિક | તીડના હુમલા, પ્લેગ, સાર્સ રોગો, ઇબોલા વગેરે |
| જલીય | પૂર, હિમપ્રપાત |
| માનવસર્જિત | અણુ દુર્ઘટના, ઔદ્યોગિક દુર્ઘટના, યુદ્ધ, અણુ વિસ્ફોટો |

### કેટલાક વનલાઇનર પ્રશ્નો:

**1.** જળપ્રદૂષણને રોકવા માટેની ભૌતિક રાસાયણિક પદ્ધતિઓ કઇ છે? –
**1) આયર્ન વિનિમય 2) ઓઝોની કરણ 3) ક્લોરીનીકરણ**

2. ઓઝોન સુરક્ષા દિવસ ક્યારે મનાવાય છે? – **16 સપ્ટેમ્બર**
3. ઓઝોન સ્તર દ્વારા સૂર્યથી આવતી અલ્ટ્રાવાયોલેટ કિરણોનો કેટલો ભાગ અવશોષિત કરવામાં આવે છે? – **99%**
4. CFC ની શોધ ક્યા દેશમાં થઇ? – **અમેરિકા**
5. **શેરી રોલેન્ડ** અને **મારીયો મોલીના** નામના બે વ્યક્તિઓએ CFC(ક્લોરો ફ્લોરો કાર્બન) ની શોધ કરી.
6. ઍસિડ વર્ષાનું PH કેટલું હોય છે? – **5.6 થી ઓછું**
7. જળપ્રદૂષણ નિયંત્રણ અને નિવારણ અધિનિયમ ક્યારે પસાર કરવામાં આવ્યો? – **1974**
8. ઓઝોન છિદ્રનો પત્તો ક્યાં લાગ્યો? – **ઍન્ટાર્કટિકા**
9. હરિકેન, ટાઇફુન અને વીલીવીલી શેના પ્રકાર છે? – **ઉષ્ણ કટિબંધીય ચક્રવાત**
10. NDMP નું full form? –**National Disaster Management Plan**
11. કૃષ્ણા–ગોદાવરીના મુખત્રિકોણાકાર પ્રદેશના વિસ્તારમાં વાવાઝોડું ક્યારે ત્રાટક્યુ હતું? – **1976–77**
12. ક્યા નાણાપંચમાં National Disaster Reserve fund ની રચના થઇ? – **11મું નાણાપંચ**
13. પ્રથમ ડિઝાસ્ટર મેનેજમેન્ટ બેઠક ક્યારે ભરાઈ? – **29/11/2006**
14. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટનું મુખપત્ર – **Disaster & Development**
15. SAARC ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર ક્યા છે? – **નવી દિલ્હી**
16. ભારતમાં પૂરનો સમયગાળો? – **જુન થી સપ્ટેમ્બર**

## *Disaster Management પ્રશ્નોત્તરી*

1. ડિઝાસ્ટર મેનેજમેન્ટનો બીજો અને સૌથી મહત્વપૂર્ણ તબક્કો ક્યો? –
2. ચક્રવાત આપત્તિ અંગે આગાહી કઇ નોડલ એજન્સી કરે છે? –
3. Geological Survey of India કઇ આપત્તિની આગાહી કરે છે? –
4. હિમપ્રપાત અંગેની આગાહી ભારત સરકારની કઇ સંસ્થા કરે છે? –
5. ભારત સરકારનું ક્યુ મંત્રાલય તમામ કુદરતી અને માનવસર્જીત આપત્તિઓનું મધ્યવર્તી મંત્રાલય છે? –
6. ‘દુષ્કાળ’ સરકારના ક્યાં વિભાગ હેઠળ આવે? –
7. વિમાન અકસ્માત અંગેની જવાબદારી ક્યાં વિભાગને સોંપવામાં આવેલી છે? –
8. જૈવિક દુર્ઘટના બાબતે ક્યો વિભાગ કાળજી લે છે? –
9. ભારત સરકારે આપત્તિ વ્યવસ્થાપન અંગે કઇ સાલમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ઘડ્યો? –
10. સરકાર દ્વારા કઇ સાલમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પોલીસી જાહેર કરવામાં આવી?–
11. 2005માં સ્થપાયેલી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ચેરમેન કોણ હોય છે? –
12. આપત્તિ વ્યવસ્થાપન અંગે NDMA ને મદદ કરવા બાબતે રચાયેલી નેશનલ એક્ઝિક્યુટિવ કમિટિના ચેરમેન પદે કોણ હોય છે? –
13. રાજ્ય સ્તરે આપત્તિ વ્યવસ્થાપનને લગતી નીતિઓ અને યોજનાઓ બનાવવાનું કામ કઇ સંસ્થા કરે છે? –
14. આપત્તિ વ્યવસ્થાપન અંગે યોજના બનાવવી અને તાલીમ આપવી વગેરે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરી અંતર્ગત આવે છે. તેની સ્થાપના કઇ સાલમાં થઇ? –
15. ગુજરાત રાજ્યમાં સૌરષ્ટ્ર વિસ્તાર માટે ક્યું પ્રાદેશિક Emergency Response Center ચાલુ છે?
16. NDRF નું full form ? –
17. ભારતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ તીવ્રતા વાળો ભૂકંપ Dec 2004 માં અંદામાન–નિકોબાર ખાતે આવેલો. તેની તીવ્રતા જણાવો ? –
18. ભુજમાં 7.7 ની તીવ્રતાવાળો ભૂકંપ ક્યારે આવેલો?
19. 1993 માં મહારાષ્ટ્રના ક્યા વિસ્તારમાં વિનાશકારી ભૂકંપ આવેલો? –
20. 2008માં નિશા વાવાઝોડું ક્યા રાજ્યના દરિયાકિનારે ત્રાટકેલું?–

**21.**ભારતનો એક માત્ર જાગૃત જ્વાળામુખી? –
**22.**ભારતનો કેટલા ટકા વિસ્તાર ભૂકંપનું સંભવિત ક્ષેત્ર છે? –
**23.**ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005 અંતર્ગત 2006માં ક્યાં અતિ મહત્વપુર્ણ ટાસ્કફોર્સની રચના થઇ? –
**24.**કઇ બે વ્યક્તિઓએ CFC વાયુની શોધ કરી? –
**25.**હરિકેન, ટાઇફુન, વીલીવીલી કેવા પ્રકારના ચક્રવાત છે? –
**26.**ક્યા નાણાપંચ દરમ્યાન National Disaster Reserve Fund ની રચના થઇ? –
**27.**નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટનું મુખપત્ર:
**28.**SAARC ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર ક્યાં આવેલુ છે?
**29.**સૌથી વધુ ટાઇગર રિઝર્વ ક્યાં રાજ્યમાં છે? –
**30.**ભારતના ક્યા રાજ્યમાં સુંદરીના સૌથી વધુ વૃક્ષો છે? –
**31.**ઓઝોન છિદ્રનો પતો ક્યાં લાગ્યો? –
**32.**જળપ્રદુષણને રોકવા માટેની ભૌતિક રાસાયણિક પદ્ધતિઓ કઇ છે? –
**33.**ભારતનો કેટલા ટકા વિસ્તાર અછત પ્રભાવિત (શક્યતા ધરાવતો પ્રદેશ) છે? –
**34.**ઉતરાખંડમાં મહાવિનાયક પૂર ક્યારે આવેલું? –
**35.**લેહ લદ્દાખમાં 2012–13 માં કઈ મહાવિનાશકારી આપત્તિ ત્રાટકેલી? –
**36.** ભારતના ૩૬ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પૈકી કેટલાં ક્ષેત્રો આપત્તિના ભયા તળે છે? –
**37.** ડિઝાસ્ટર શબ્દ કઈ ભાષામાંથી લેવામાં આવ્યોછે?–
**38.** સામાન્ય રીતે ભૂકંપ અને સુનામી કુલ ત્રાટકતી આપત્તિઓના કેટલાં હોય છે?–
**39.** ભારતની સુનામી વૉર્નિંગ સિસ્ટમ ક્યારથી કાર્યરત થઈ? –
**40.** Asian Disaster Preparedness Centre ક્યાં આવેલું છે?–
**41.** National Cadet Corps(NCC)ની સ્થાપના ક્યારે થઈ?–
**42.** ભારતના દરિયાકિનારાનો કેટલા કિ.મી. વિસ્તાર આપત્તિઓના સંભવિત ક્ષેત્રોમાં છે?–
**43.** National Fire Service Collegeની સ્થાપના કયારે થઈ? –
**44.** ભોપાલ ગેસ દુર્ઘટના ક્યારે ઘટી હતી?–
**45.** ભૂકંપ બાબતે ભારતને કેટલા ઝોનમાં વિભાજિત કરેલ છે?–
**46.** દુષ્કાળ દરમ્યાન પર્યાવરણની ગુણવત્તામાં ઘટાડો થાય છે તેને શું કહે છે? –
**47.** કચ્છ વિસ્તાર કયા સિસ્મિક ઝોનમાં આવે છે?–
**48.** ગુજરાતમાં જોખમ ઘટાડવાના કાર્યક્રમોના સંકલન અને સંચાલન માટેની જવાબદારી કોની છે? –
**49.** આપત્તિ પછીના તબક્કામાં કઈ ૩ મુખ્ય પ્રવૃત્તિઓ હોય છે?
**50.** આપત્તિ સમયે પ્રભાવિત તબક્કામાં મુખ્ય પ્રવૃત્તિઓ કઈ હોય છે?

**જવાબો:**

**1.** તાત્કલિક પ્રતિક્રિયા
**2.** Indian Meteorological Department
**3.** ભૂસ્ખલન
**4.** સ્નો એન્ડ એવલાન્સ સ્ટડી એસ્ટાબ્લીશમેંટ
**5.** ગૃહ વિભાગ
**6.** ખેતીવાડી વિભાગ
**7.** નાગરિક ઉડ્ડયન વિભાગ
**8.** સ્વાસ્થ અને પરિવાર કલ્યાણ
**9.** 2005
**10.**2009
**11.**વડાપ્રધાન
**12.**ગૃહવિભાગના સચિવ
**13.**(G)SDMA
**14.**1995
**15.**રાજકોટ
**16.**National Disaster Response Force


Branch : Anamika Academy, Basement, Pramukh Apartment, G-2 Circle, Sec-6-B, Gandhinagar
Head Office : Basement, Gh-6 Circle Corner, LAL Bhuvan Complex, Sector-22, Gandhinagar
Visit : www.anamikaacademy.org for more details OR Call : 9979997945(sec.6) ,8000040575(sec.22)

**17.**9.1 રિક્ટર સ્કેલ
**18.**26/01/2001
**19.**લાતૂર
**20.**તમિલનાડુ
**21.**બેરન ટાપુ, આંદમાન
**22.**58.6%
**23.**NDRF
**24.**શેરી રોલેંડ અને મારિયો મોલિના
**25.**ઉષ્ણ કટિબંધીય
**26.**11મું નાણાપંચ
**27.**Disaster & Development
**28.**નવી દીલ્હી
**29.**મધ્યપ્રદેશ
**30.**પ.બંગાળ
**31.**એંટાર્કટિકા
**32.**આયર્ન વિનિમય, ઓઝોનીકરણ, ક્લોરોનીકરણ
**33.**68%
**34.**2013
**35.**વાદળ ફાટવાની ઘટના
**36.** ૨૫
**37.** ફ્રેંચ
**38.** ૮%
**39.** ૨૦૦૭
**40.** બેંગ્કોક
**41.** ૧૯૪૮
**42.** ૫૭૦૦ કિ.મી.
**43.** ૧૯૫૬
**44.** ડિસેમ્બર, ૧૯૮૪
**45.** ૫
**46.** પર્યાવરણીય અવક્રમણ
**47.** ઝોન પાંચ (૫)
**48.** ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળ
**49.** નુકસાનની આકારણી, પુનઃનિર્માણ, રિલોકેશન
**50.** શોધ અને બચાવ, આજિવિકા અને આશરો,પાયાની, માળખાગત અને આવશ્યક સેવાઓ

